નવી બાબત: ૨૦૨૨-૨૩

પોષણ સુધા યોજના અંતર્ગત આદિજાતિ જિલ્લાના તમામ આદિજાતિ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓ માટે એક ટાઈમ સંપૂર્ણ ભોજન આપવા માટે વહીવટી મંજૂરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0016/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

તા. ૩૦/૦૫/૨૦૨૨

**સંદર્ભ:-**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૦૭/૦૪/૨૦૧૭ નો ઠરાવ ક્ર. આઇ.સી.ડી./૧૧૨૦૧૭/૪૪/બ

**આમુખ:-**

જેને ધ્યાને લઈ અને આદિજાતિ જિલ્લાઓના પોષણના તમામ સૂચકાંકોને જોતા વિભાગ ના સંદર્ભ (૧) પરના ઠરાવથી રાજ્યના ૬ વિકાસશીલ તાલુકાઓના ૧૦ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓ (૬ માસ સુધીના બાળકની માતા) ના પોષણ સ્તરમાં સુધાર લાવવા માટે પોષણ સુધા યોજના (સ્પોટ ફીડીગ કાર્યક્રમ) હેઠળ ૩૦૦ દિવસ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને રોજ એક વખત સંપુર્ણ ભોજન આપવા માટેની યોજના (નવી બાબત તરીકે) પાઇલોટ બેઝીઝ પર અમલિકૃત કરવામાં આવેલ.

પોષણ સુધા યોજનાની સફળતાને તેમજ આદિજાતી વિસ્તારમાં વસવાટ કરતા લાભાર્થીઓની જરૂરીયાતોને ધ્યાને લઈને સદર યોજનાનો વ્યાપ વધારી આદિજાતિ જિલ્લાઓના તમામ ઘટકોમાં સદર યોજના અમલીકૃત કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

રાજ્યના આદિજાતિ જિલ્લાઓની તમામ સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધાર લાવવા માટે આદિજાતિ જિલ્લાઓના તમામ ૧૦૬ ઘટકોમાં

પોષણ સુધા યોજના (સ્પોટ ફીડીગ પ્રોગ્રામ) હેઠળ ૩૦૦ દિવસ માટે તમામ સગર્ભા અને ધાત્રી માતાઓ(૬ માસ સુધીના બાળકની માતા)ને રોજ એક વખત સંપુર્ણ ભોજન આપવા માટે વર્ષ: ૨૦૨૨-૨૩ના બજેટમાં નવી બાબત તરીકે રૂ.૧૧૮.૦૦ કરોડની બજેટ સદર : ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૧૨, એન.ટી.આર.-૦૨ - દૂધ સંજીવની યોજના, સ્પોટ ફીડિંગ પ્રોગ્રામ વગેરે(૧૦૦% State)ની બજેટ જોગવાઈમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૨) સદર યોજનાને લગતી અન્ય વિગતો/શરતો નીચે મુજબ રહેશે.

૧. સગર્ભા બહેનો અને ધાત્રી માતઓ (૬ માસ સુધીના બાળકની માતા)ને આ યોજના હેઠળ લાભ મળવાપત્ર રહેશે.

૨. લભાર્થીઓને રૂ.૨૭/- પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ એક સમયનું ભોજન આંગણવાડી કેન્દ્ર પર આપવાનું રહેશે.

૩. યોજનાના અમલીકરણ પછી સગર્ભાવસ્થા અથવા ધાત્રીવસ્થાની આંગણવાડી કેન્દ્રમાં નોંધણીની તારીખથી આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૪.

લાભાર્થી આંગણવાડીમાં ફરજીયાત નોંધણી કરાવેલ અને તેની સેવાઓ લેતા હોવા જોઈશે.

૫. જે ૯૩ ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં યોજના પ્રથમવાર શરૂ કરવાની છે તે આંગણવાડી કેન્દ્રોને ભોજન બનાવવા, ભોજન આપવાના વાસણો તેમજ અન્ય અનુસંગિક ખર્ચ માટે પ્રથમ વખત અડ્વાન્સ આપવાનું રહેશે અને સ્થાનિક કક્ષાએથી ખરીદી કરવાની રહેશે.

૬ .આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો – વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાઆં કરવાનો રહેશે.

૭. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૮. આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૯. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૦. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૧. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાંજો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાનો રહેશે.

3) સદર યોજના હેઠળ નીચે મુજબનો ખર્ચ કરવાનો રહેશે.

(રૂ. લાખમાં)

| A (યોજનાકીય ખર્ચ) | |
|---|---|
| ભોજન માટનો ખર્ચ | ૧૧,000.00 |
| ભોજન બનાવવા તથા જમવા માટેના વાસણનો ખર્ચ | ૩૨0.00 |
| કન્ટીજન્સી ગ્રાંટ | ૯0.00 |
| કુલ | ૧૧,૪૧0.00 |

(રૂ. લાખમાં)

| B (વહીવટી ખર્ચ) | |
|---|---|
| માનવ સંસાધન<br>ઘટક કક્ષાએ- Block Nutrition Manager<br>- કુલ જગ્યા- ૧૦૬ (હાલમાં યોજના અમલી હોય તેવા ૧૩ ઘટકો અને બાકી નવા ૯૩ ઘટકો)<br>- આમા રૂપિયા ૨૫000/- પ્રતિ માસ પગાર+૧૮% GST +૨.૫ % સર્વિસ ટેક્સનોસમાવેશ થાય છે | ૩૬૫.00 |
| અન્ય<br>- આઈ.ઇ.સી કેમ્પેન<br>- ટ્રેનિંગ, મીટિંગ્સ, વર્કશોપ | ૧૫.00<br>૧0.00 |
| કુલ | ૩૯0.00 |
| **કુલ બજેટ (A+B)** | **૧૧,૮00.00** |

૪) આ ઠરાવ આ વિભાગની ઈ-ફાઇલ ક્ર. WCDD/IMR/e-file/23/2022/0016/B (ICDS) પર સરકારશ્રીની તા.૨૭/૦૫/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અને નાણાં વિભાગની તા.૨૪/૦૫/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકરીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.